# પ્રાંતિજના વેટરનરી ડૉક્ટર ગરીબ કલ્યાણ મેળાની બેઠકમાં વ્યસ્ત ને પશુએ જીવ ગુમાવ્યો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજના વેટરનરી ડૉક્ટર ગરીબ કલ્યાણ મેળાની બેઠકમાં વ્યસ્ત હોવાના લીધે પ્રાંતિજ અને સીતવાડા બોરીયાના બે પશુપાલકના પશુઓને તુરંત સારવાર ના મળતા જીવ ગુમાવ્યો હતો જેથી પશુપાલકોએ વેટરનરી ડૉક્ટર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ખાતે આવેલ ગોપીનાથ સોસાયટીમાં એક માલધારીની છૂટી મુકેલ ગાય બિમાર પડી હતી. આથી સોસાયટીના જીવદયા રહીશોએ પ્રાંતિજ ખાતે પશુદવાખાને જાણ કરી હતી પરંતુ ડૉક્ટર સંજયભાઈ હાજર નથી તેવો જવાબ મળતા તેમના મોબાઈલ ફોન પર સંપર્ક કરતા રહિશોએ બિમાર ગાય અંગે માહિતી આપી હતી જેથી ડૉક્ટરે કહ્યું કે હું તલોદ ખાતે ગરીબ કલ્યાણ મેળાની એક અગત્યની બેઠકમાં આવ્યો છું. હું નહી આવી શકુ ભાઈ તેમ કહી ફોન મુકી દીધો હતો. ડૉક્ટર ગેરહાજરીના કારણે કલાકો સુધી તડફડીયા મારતા અબોલે જીવ ગુમાવ્યો હતો જયારે પ્રાંતિજ નજીકના બોરીયા સીતવાડા ખાતે રાજુભાઈ પંચાલે પોતાની બિમાર જર્સી ગાય માટે વિઝીટ નોંધાવી પરંતુ ડૉક્ટર ન પહોંચતા બન્ને અબોલ પશુઓને સારવાર ન મળતા મોત થયા હતા.

# તલોદમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા નિર્મળ મિશનનો શુભારંભ

તલોદ, તા.૧૮

તલોદ પાલિકા અને લાયન્સ કલબના ઉપક્રમે તલોદ પાલિકાના અંબાજી ચોકમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન-નિર્મળનો પખવાડીક શુભારંભ પ્રાંત અધિકારી એચ.આર. મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુચનથી રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન તા. ૧૮ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર ૨૦૧૪ દરમિયાન યોજાશે તેની વિશેષતા અંગે માહિતી આપી હતી જયારે ચિફ ઓફિસર સતિષભાઈ પટેલે ૭૦ જેટલા સફાઈ કામદારોથી ૨૩ હજાર જેટલા નગરજનોની ઉપેક્ષા કરતા કઠણાઈ જેવા વહીવટ અંગે જણાવતા નગરનોના સાથ અને સહકારની અપેક્ષા વ્યકત કરી હતી. ઉપરાંત સ્વનિર્ભર સ્વચ્છતા અંગે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા અને બે મહિલાનું સન્માન પણ કર્યું હતું.

સફાઈ ઝુંબેશમાં વી.કે. જોષી, શહેર પ્રમુખ શિવુભાઈ પટેલ સહિત અગ્રણી વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : નીતીન પંડયા)

## મોડાસામાં રાષ્ટ્રીય એઈડસ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજય આરોગ્ય પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય એઈડસ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મોડાસા નગરપાલિકા ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત એઈડસ અવેરનેસ એન્ડ પ્રિવેન્શ યુનિટ દ્વારા આયોજીત કેમ્પમાં ડૉ. દિપ્તીબેન ઉપાધ્યાય અને તેમની ટીમે આરોગ્યની સુખાકારી વિશે જાણકારી આપી દર્દીઓને પ્રાથમિક દવાઓ અને સારવાર પુરી પાડી હતી અને દર્દીઓને મુંઝવતા કેટલાક પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા. કાર્યક્રમમાં ૬૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

## આંતરોલી નીલકંઠ વિદ્યાલયનું ગૌરવ

તાજપુરકેમ્પ, તા. ૧૮

હિંમતનગરના વિવેકાનંદ જન-શક્તિ સ્ટેડીયમ ખાતે તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા એથ્લેટિક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આંતરોલીની નીલકંઠ વિદ્યાલયના વિદ્યાર્થીએ લાંબી કૂદમાં પ્રથમ નંબર હાંસલ કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું હતું. તલોદ તાલુકામાં રહેતો રાહુલસિંહ પ્રતાપસિંહ મકવાણા આંતરોલીમાં સ્થિત નીલકંઠ વિદ્યાલયમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. રાહુલસિંહે હિંમતનગર ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની જુનિયર વિભાગની એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લીધો હતો અને લાંબીકૂદમાં ૪.૩૪ મીટર લાંબી છલાંગ લગાવી જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યો હતો.

રાહુલસિંહ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ક્રમે આવી શાળા અને ગામનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય મનહરભાઈ પંચાલે કે.બી. રાઠોડે વ્યાયામ શિક્ષક બી.જે. ચૌહાણ અને રાહુલસિંહ મકવાણાને અભિનંદન પાઠવ્યા હતા.

## પોલીસમાં જોડાવા માંગતા યુવાનોને પાલનપુરમાં તાલીમ અપાશે

પાલનપુર, તા.૧૮

સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત નવયુવાનો અને યુવતિઓને પોલીસ ખાતામાં ભરતી થવા માટેની ફિઝીકલ તથા લેખિત પરીક્ષામાં નિપુણતા મેળવવા માટેના એક પ્રયાસરૂપે પોલીસ હેડકવાર્ટર પાલનપુર ખાતે તા. ૨૨-૯-૧૪થી એક માસનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશનની કામગીરી પોલીસ હેડ કવાટર્સ, પાલનપુર તેમજ જિલ્લાના દરેક પોલીસ સ્ટેશન ખાતે શરુ કરવામાં આવેલ છે. તો ઈચ્છા ધરાવતા નવ યુવાનો/યુવતિઓને નજીકના પોલીસ સ્ટેશન ખાતે રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોમાંથી સિલેકશન કરી તાલીમ માટે બોલાવવામાં આવશે.


(તસવીર : રમેશ વૈષ્ણવ)

## ખેડબ્રહ્મામાં રાજયકક્ષાની થ્રો બોલ સ્પર્ધાનો પ્રારંભ

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કુલમાં ગુજરાત રાજયની અન્ડર-૧૭ ભાઈઓ તથા બહેનોની થ્રો બોલ રમતનો ગુરુવારના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ભાઈઓની ૧૯ અને બહેનોની ૧૭ ટીમોના ૮૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે પ્રોગ્રામ કો.ઓ. રાજુભાઈ પટેલ, શાળાના આચાર્ય કપીલ ઉપાધ્યાય, જયેન્દ્રસિંહ સોલંકી સહિત શાળા પરિવારે ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# સાયન્સના સેમેસ્ટર-૧-૩ની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ની બોર્ડની પરીક્ષા ૧૩ ઓક્ટોબરથી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે ૧૫ ઓક્ટોબરે રાજકોટ પશ્ચિમ બેઠક ઉપર યોજાનાર વિધાનસભાની પેટાચૂંટણીને ધ્યાનમાં રાખી પરીક્ષાના ટાઈમ ટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા ફેરફાર મુજબ હવે વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષા ૧૧ ઓક્ટોબરના રોજ શરૂ કરવામાં આવશે જે ૧૯ ઓક્ટોબરના રોજ પૂર્ણ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા ૧૩ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર દરમિયાન લેવાની જાહેરાત કરાઈ હતી તેમજ પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો હતો. જો કે ત્યારબાદ ચૂંટણીપંચ દ્વારા ૧૫ ઓક્ટોબરના રોજ રાજકોટ પશ્ચિમ બેઠક ઉપર વિધાનસભાની પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરાઈ હતી. જેથી ૧૫ ઓક્ટોબરે પણ બોર્ડની પરીક્ષાનું પેપર હોવાથી શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૦મી ઓકટોબરથી રાજયમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તે પહેલા પરીક્ષા પૂર્ણ કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષાનું છેલ્લું પેપર રવિવારે લેવાની જાહેરાત કરાઈ છે. આમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત રવિવારના દિવસે પણ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાશે. કાર્યક્રમમાં ફેરફારને લઈને વિદ્યાર્થી-વાલીમાં હાલ ચર્ચા જોવા મળી રહી છે.

# પાલનપુર મુકામે બેંક ઓફ બરોડા દ્વારા કૃષિ ધિરાણ કેમ્પ યોજાયો

### બેંક ઓફ બરોડા દ્વારા ખેડૂતોને રૂ. ૬.૫૮ કરોડનું કૃષિ ધિરાણ અપાયું

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠાના પાલનપુર મુકામે હોટલ લાજવંતી ખાતે બેંક ઓફ બરોડાની મુખ્ય શાખા દ્વારા કૃષિ ધિરાણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેંક ઓફ બરોડાની પાલનપુર મુખ્ય શાખા, હાઈવે શાખા, વડગામ, ચડોતર, છાપી અને સિદ્ધપુરની બે એમ કુલ સાત શાખાઓએ ભાગ લીધો હતો. કૃષિ ધિરાણ કેમ્પમાં બેંક ઓફ બરોડા પાલનપુર મુખ્ય શાખાના ચીફ મેનેજર એસ.એમ. ટેલરે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે અમારી બેંક ખેડૂતોને કૃષિ વિષયક ધિરાણ આપવામાં અગ્રેસર છે. તેમણે કહ્યું કે આજે યોજાયેલ ધિરાણ કેમ્પમાં ૧૮૧ ખેડૂતોને રૂ. ૬.૫૮ કરોડથી વધુ રકમનું ખેતી વિષયક ધિરાણ કરવામાં આવ્યું છે.

બેંક ઓફ બરોડા મહેસાણા ક્ષેત્રના સહાયક મહાપ્રબંધક કે.કે. ચૌધરીએ જણાવ્યું હતુ કે બેંક ઓફ બરોડા ખેડૂતોને ધિરાણ આપવા પ્રતિબદ્ધ છે તેમણે કહ્યું કે ખેડૂતોને કૃષિને લગતાં કોઈપણ ઓજાર ખરીદવા વગેરે માટે ધિરાણ જોઈએ ત્યારે પુરતા પ્રમાણમાં ધિરાણ આપવા અમારી બેંક હંમેશા તત્પર રહે છે. નાબાર્ડના સહાયક મહાપ્રબંધક રમેશ મલ્લેચરીએ ખેડૂતોને લગતી નાબાર્ડની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી.

કૃષિ ધિરાણ કેમ્પનું સફળ સંચાલન કાનજીભાઈ ચૌધરીએ કર્યું હતું. આ કેમ્પમાં બેંકના અધિકારીઓ, કર્મચારીઓ અને સારી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



## અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ ટ્રસ્ટની રચના કરાઈ

મોડાસામાં મળેલી એક બેઠકમાં અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. મોડાસામાં મળેલી બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ તરીકે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, ઉપપ્રમુખ તરીકે જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન તેમજ જીવદયા પ્રેમી નિલેષ જોષી, સેક્રેટરી તરીકે ડૉ. કિરણ પટેલ, ડૉ. રાકેશ જોષી તેમજ મંત્રી તરીકે અંકિત પટેલ, સુભાષ શાહની પસંદગી કરી નિમણૂંક કરવામાં આવી હતી. બાદમાં અબોલ પશુઓના યોગ્ય વ્યવસ્થા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લામાં આ ટ્રસ્ટની રચનાને પગલે હેરાન થતા પશુઓને નવજીવન મળશે. (તસવીર : જય અમીન, મોડાસા)

## NEWS બિટ્સ

**● ગુજરાતમાં ૧૦૦૦ કરોડના ખર્ચે બૌદ્ધ સ્તૂપ બનશે**

બૌદ્ધ ધર્મને માનનારા દેશો માટે ગુજરાત એક યાત્રાધામ બને તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના સૌથી મોટા બૌદ્ધ સ્તૂપનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે. લગભગ રૂપિયા ૧૦૦૦ કરોડના ખર્ચે બનનારૂ આ સ્તૂપ ઉત્તર ગુજરાતમાં મારૂતિના પ્લાન્ટથી ૧૦૦ કિમીના અંતરે બનશે. આ પ્રોજેક્ટમાં ૧૫૧ ફૂટ ઊંચી ગૌતમ બુદ્ધની પ્રતિમા અને ૩૫૧ ફૂટ ઊંચો સ્તૂપ બનાવવામાં આવશે સાથે મેશ્વો રિવરફ્રન્ટ રિસોર્ટ અને રિસ્ટ્રીટ્સ પણ બનાવાશે.

**● પાકિસ્તાનની પ્રજાએ પ્રધાનને પ્લેનમાં ચડવા ના દીધા**

પાકિસ્તાનમાં હાલ પ્રજા સરકારથી ખૂબ નારાજ છે. તાજેતરમાં ૨૩૦ મુસાફરોવાળુ એક પ્લેન પાકિસ્તાનના પૂર્વપ્રધાન રહેમાન મલિકના કારણે ૨ કલાક મોડુ પડ્યું હતું. કરાચીથી ઈસ્લામાબાદ જતી આ ફ્લાઈટના મુસાફરો એટલા રોષે ભરાયા હતા કે તેમણે રહેમાન મલિકને પ્લેનમાં ચડવા જ ના દીધા. પ્રજાનો રોષ જોઈ રહેમાન મલિકે પણ ત્યાંથી રવાના થઈ જવાનું મુનાસીબ માન્યું હતું.

**● ચીનના રાષ્ટ્રપતિ ઝી જિનપિંગે ગુજરાતી વાનગીઓ મનભરીને માણી**

ચીનના રાષ્ટ્રપતિ ઝી જિનપિંગ અને તેમના પત્ની પેંગ લિયુઆનના સ્વાગતમાં યોજાયેલા ડિનરમાં ૨૦ પ્રકારની ગુજરાતી વાનગીઓનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. આ વાનગીઓમાં ઢોકળા, ઉંધિયુ, ખીચડી, ખમણ, ખાંડવી, સેવખમણી, ખસ્તા કચોરી, રીંગણા મેથીનું શાક, ગુજરાતી ખાટી મીઠી દાળ, ભીંડાનું સંભારિયુ, આલુરસિયા, બાસમતી ભાત, રોટલી, મેથીના થેપલા, ભાખરી, ઠંડો દૂધપાક, મેંગો શીખંડ, ગાજરનો હલવો અને સુગરફ્રી ઘઉંના લાડુ પીરસાયા હતા જે જિનપિંગ અને તેમના પત્નિએ મનભરીને માણ્યા હતા.


**● વિદેશીઓને પણ હવે ગરબાનું ઘેલુ લાગ્યું**

ગુજરાતના અતિ લોકપ્રિય ઉત્સવ અને આદ્યશક્તિ મા અંબાની આરાધનાના પર્વ નવરાત્રિના આડે માત્ર ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે રાજ્યભરમાં યુવા હૈયાઓ ગરબે ઘુમવા થનગની રહ્યા છે. વિશ્વ વિખ્યાત બનેલા આ ઉત્સવનું હવે વિદેશીઓને પણ ઘેલું લાગ્યું છે. ગુજરાતના અમદાવાદ, વડોદરા, ભરૂચ અને રાજકોટ જેવા શહેરોમાં ઘણા વિદેશીઓ પણ ગરબા કલાસીસમાં ગરબે રમવાની ટ્રેનીંગ લઈ રહ્યા છે.

**● આઈફોન-૬ ના ૪૦ લાખ પ્રિઓર્ડર માત્ર ૨૪ કલાકમાં નોંધાયા**

શુક્રવારથી એપલ કંપનીનો નવો આઈફોન-૬ નું સ્ટોર્સમાં વેચાણ શરૂ થનાર છે. જો કે આ હેન્ડસેટ માર્કેટમાં આવે તે પહેલા જ ૨૪ કલાકમાં જ તેના ૪૦ લાખ હેન્ડસેટના પ્રિઓર્ડર્સ બુક લઈ ગયા છે. આ બુકીંગ દ્વારા એપલે ૨૦૧૨ ની સાલનો આઈફોન-૫ ના ૨૦ લાખ હેન્ડસેટના ઓર્ડર બુકીંગનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો.

# શબ્દાવલી - ૫૫૦૯



### આડી ચાવી

૧. ડોબા જેવું, ડફોળ (૪)
૪. મોર, રાષ્ટ્રીય પક્ષી (૩)
૬. ચેતન ના હોય તેવું (૨)
૭. ડફ, એક વાદ્ય (૩)
૮. રાજાઓનું વાહન (૨)
૯. ઝાપટ, લાફો (૪)
૧૨. કૃપા (૨)
૧૪. રટવું તે, જાપ કરવો (૩)
૧૫. ગાંધીજીને ગોળી મારનાર નથ્થુરામ.... (૩)
૧૬. સસ્તુ ભળે રહ્યું મારા માટે બહુ... છે (૩)
૧૯. મત (૨)
૨૧. એક ફુલ છોડ (૩)
૨૨. ધૃણા (૪)

### ઊભી ચાવી

૧. છીંકણી (૩)
૨. ડોબો, એક ગાળ (૪)
૩. એકદમ મોઢે (૫)
૪. મેલુ (૩)
૫. રમતમાં ધ્યાન ન હોય તે (૫)
૧૦. પસીનો, પ્રસ્વેદ (૪)
૧૧. ચોખાના ઝીણા કટકા (૩)
૧૩. વગોવવું તે (૪)
૧૭. 'ખ-જ' એક રાશિ (૩)
૧૮. 'તીતર' શબ્દ આડો અવળો (૩)
૨૦. વજનનું એક માપ (૨)

### શબ્દાવલી ૫૫૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખરાબો (૩) આંતરી (૫) નશાબંધી (૭) રાજાશાહી (૮) સેજ (૯) ઇલમ (૧૩) વાનર (૧૪) રાજગાદી (૧૬) પાવર (૧૭) અબોટ (૧૮) ટીખળ

**ઊભી ચાવી :-** (૧) ખટરાગ (૨) બોનશાઇ (૩) આંધી (૪) રીયાજ (૬) શાહીલ (૮) સેલ (૧૦) મથરાવટી (૧૧) મનસુબો (૧૨) મંદીર (૧૫) જરખ

# રસ્તા તૈયાર કરવામાં પણ ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

અમદાવાદ, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનની રાષ્ટ્રપતિ ઝી જીનપીંગ બુધવારના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે આવ્યા હતા તે પહેલા મ્યુનિસિપલ તંત્રના અધિકારીઓ યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા હતા. મ્યુનિસિપલ દ્વારા વરસાદથી ધોવાઈ ગયેલા રસ્તાઓને રિસરફેસ, પંચવર્ક કરવા સહિતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી અને સાડા ત્રણ કરોડના ખર્ચે રોડ રિસરફેસ કરવામાં આવ્યા હતા.

મ્યુનિસિપલ તંત્ર દ્વારા સાડા ત્રણ કરોડના ખર્ચે ખાલી ત્રણ જ રસ્તાઓ રિસરફેસ કરવામાં આવ્યા હતા કે જ્યાંથી બંને મહાનુભાવો પસાર થવાના હતા. જેમાં વસ્ત્રાપુર તળાવથી હયાત હોટલ આલ્ફા વન મોલથી જીએમડીસી ગ્રાઉન્ડ થઈ ૧૩૨ રીંગ રોડ સુધીનો આશરે ૧૦૦૦ મીટર લંબાઈનો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં હતો તેને રિસરફેસ કરાયો, એરપોર્ટ સર્કલથી શાહીબાગ ડફનાળા સુધીના રસ્તાને તેમજ ગાંધી આશ્રમ થઈ વાડજ સર્કલથી અંધજન મંડળ સુધીના રસ્તાને રિસરફેસ કરવામાં આવ્યો હતો. જેનું કામ આજરોજ સ્ટેન્ડીંગ કમિટીના તાકીદમાં લાવવામાં આવ્યું હતું. વિરોધપક્ષના નેતા બદરૂદીન શેખે જણાવ્યું કે, પશ્ચિમ ઝોનમાં સુભાષબ્રીજ સર્કલથી અંધજન મંડળ સુધી તથા વૈકલ્પિક રૂટ તપોવન સર્કલ થઈ સાબરમતી થઈ ૧૩૨ ફુટી રીંગ રોડ સુધી તથા ઉસ્માનપુરા ચાર રસ્તાથી નહેરૂબ્રીજ ચાર રસ્તા સુધીના રૂટ ઉપરના રસ્તા ખરાબ થયેલ રોડને રિસરફેસ કરવાનું કામ આકાશ ઈન્ફ્રા પ્રોજેક્સ પ્રાઈવેટ લીમીટેડ પાસે ટોકેશન મેળવીને કામગીરી કરાવવાનું છે.

### સરકારી આવાસોમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ આવાસના ઉપયોગમાં હેતુફેર તેમજ બિનઅધિકૃત વસવાટના કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે હાલની સ્થિતિએ પણ નગરના સરકારી આવાસોમાં ગેરકાયદેસર રીતે વસવાટ થતો હોવાનું ધ્યાને આવ્યું છે. ગત મહિના દરમિયાન તંત્ર દ્વારા શહેરના સરકારી આવાસોની માહિતી અપગ્રેડ કરવા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં સ્થિત આવાસોની સ્થિતિ મજબૂતીકરણની કામગીરી તેમજ આવાસોના ઉપયોગ સહીતની તમામ બાબતો ચકાસવામાં આવી હતી જયારે આ અભ્યાસના અંતે સેકટરોમાં અંદાજિત ૧૦૦ જેટલા મકાનોમાં બિનઅધિકૃત વસવાટ હોવાનું ધ્યાને આવ્યું છે. આ સંદર્ભે તંત્ર દ્વારા ગેરકાયદેસર કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

### લીંબડી પાસે અકસ્માત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયું હતું. જ્યારે દાસભાઈની ૨૦ વર્ષની દિકરી એકતા અને ૧૭ વર્ષના દિકરા સાગરને સામાન્ય ઈજાઓ થઈ હતી. મિત્ર જયેશભાઈ પટેલને હાથે ફેક્ચર થઈ જવા પામ્યું છે. જ્યારે પત્નિ ઈલાબેનને પટેલના ભાગે ઈજાઓ થતા ચારેય ઈજાગ્રસ્તોને એપોલો હોસ્પિટલ સારવાર અર્થે લાવવામાં આવ્યા છે. તો બીજી તરફ દાસભાઈ, ભાવેશ અને બબાભાઈના મૃતદેહને સાયલા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. ગાંધીનગરના ત્રણ-ત્રણ પ્રતિષ્ઠીત વ્યક્તિઓના એક સાથે મૃત્યુના સમાચારથી ગાંધીનગર શહેર હિબકે ચઢ્યુ છે અને શહેર તથા વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે.

### નવરાત્રિ કાઉન્ટ-ડાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. એક સામાન્ય કર્મચારી કે મધ્યમ વર્ગીય પરિવાર માટે મોંઘા પાર્ટીપ્લોટના ગરબાના પાસના ખર્ચા સામે હવે આ વિકલ્પ વધુ સારો બનીને ઉભરતા શેરી ગરબાઓમાં ખેલૈયાઓ ફરી ગરબે ગુમતા થયા છે.

આ વર્ષે આયોજિત કરાયેલા આ શેરી ગરબાઓના મંડળો કે નવરાત્રિ સમિતિઓ દ્વારા તેમની સોસાયટીઓ કે વસાહતોમાંથી ફાળો ઉઘરાવવાનું કાર્ય શ્રાદ્ધ પક્ષના પ્રારંભે જ આટોપી દીધુ છે. હાલ કેટલાક આયોજકો ગરબા ચોકને શણગારવા માટે લાઈટની સીરીઝો, મ્યુઝિક સીસ્ટમથી અને માંડવી માટેનો સામાન પણ ખરીદી ચૂક્યા છે. અને ઘણી સોસાયટીઓમાં ગરબા માટેનું ગ્રાઉન્ડનું લેવલીંગ તેમજ માતાજીની માંડવી કે મંડપ વગેરે તૈયાર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્ય માટે સોસાયટીનો યુવા કાર્યકરો અને ઉત્સવ સમિતિઓના સભ્યો રોજ સવાર-સાંજ સમય કાઢીને પુરૂ કરવા મચી પડ્યા છે. જો કે નગરમાં હાલ ભૂલકાંઓની પરીક્ષાઓ ચાલુ હોવા છતાં 'ગબ્બર' કે મહોલ્લામા બનાવવા તમામ બાળકો અચૂક સમય ફાળવી રહ્યા છે. સમગ્ર નગરમાં આદ્યશક્તિ મા અંબાની ભક્તિ અને ઉપાસનાના આ પર્વને ગરબા-રાસ વડે ઉજવવા નગરજનોનો ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

### ખાસ ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનિયમિત ચોમાસાને લઈ પાણીજન્ય રોગચાળો વિસ્તરે નહિ તે માટે પણ તંત્રને આવશ્યક પગલાંઓ ભરવા માટે તાકીદ કરવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકાની રોગી કલ્યાણ સમિતિએ કરેલી કામગીરીની પણ સર્વગ્રાહી સમીક્ષા કરી આ બેઠકમાં આરોગ્ય સેવાઓના વધુ સઘનીકરણ પર ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની ડિસ્પેન્સરીઓમાં પ્રસુતિઓની સંખ્યા વધે, જન્મ-મરણની નોંધણી નિયમિત થાય અને સમયાંતરે તેની સમીક્ષા બ્લોક લેવલે થાય તેના પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં આરોગ્યની વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ વધુને વધુ મળે તેમજ મા અમૃતમ માં મુખ્યમંત્રી અમૃત વાત્સલ્ય યોજના જે સુધારા સાથે આવી છે તેનો લાભ વધુને વધુ લોકોને પ્રાપ્ત થાય તે જોવા પણ તંત્રને તાકીદ કરાઈ છે.